દાખલ થયા તારીખ : ૦૪/૦૫/૧૮

રજી.લીધા તારીખ : ૦૪/૦૫/૧૮

નિકાલ તારીખ : ૦૧/૦૫/૨૩

સમય : વર્ષ–૦૪, માસ–૧૧, દિવસ–૨૭

सत्यमेव जयते

<u>અમદાવાદના મહે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, શ્રી એમ.એ.મકરાણી સાહેબની કોર્ટ નં.૧૪ માં, મુ.અમદાવાદ</u>

<u>ક્રિ.કેસ નં.૪૨૯૭૭/૨૦૧૮</u>

આંક–૧૨

<u>ફરીયાદી</u> :– શ્રી સરકાર

<u>વિરૂધ્ધ</u>

<u>આરોપી</u> :– ૧) ઈમરાન યાસીનભાઈ શેખ

રહેવાસીઃ મ.નં.જી/૧, આશીયાના પાર્ક–૨,

સુલતાના મસ્જીદ સામે, વટવા, અમદાવાદ

૨) ઈમરાન અબ્દુલરહેમાન શેખ

રહેવાસીઃ ગલી નં.૪, રામરહીમનો ટેકરો, ખ્રીસ્તી

કબ્રસ્તાનની પાસે, બહેરામપુરા, અમદાવાદ

<u>તહોમત</u> :– <u>ઈ.પી.કો. કલમ–૩૨૫, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧) તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫(૧)</u>

મુજબ.

**ફરીયાદ પક્ષે :- વિ.એ.પી.પી.શ્રી ભાવિનીબેન જાની.**

**આરોપી પક્ષે :- વિ.વકીલ શ્રી આર.એ. શેખ.**

## - ૦ જ જ મે ન્ટ ૦-

૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ભેગામળી ફરિયાદીને તૌફિકભાઇના ધાબા પર ગઇ તા.૧૬/૦૧/૨૦૧૭ ના રોજ ગળદાપાટુનો માર મારી, જેમ ફાવે તેમ ગંદી ગાળો આપી, ફરિયાદી તથા તેઓની પત્નિને મારી નાખવાની ધમકી આપી, લાકડાના બેટથી મોઢાના ભાગે માર મારી ઈજાઓ પહોંચાડી ગુન્હો કરેલ હોય, તે અંગેની ફરિયાદીએ દાણીલીમડા પોલીસ સ્ટેશને ફરિયાદ આપતા દાણીલીમડા પોલીસે સે.ગુ.ર.નં. ૩૦૨૧/૨૦૧૭ થી ઈ.પી.કો.કલમ-૩૨૫, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧) તથા જી.પી. એક્ટની કલમ-૧૩૫(૧) મુજબનો ગુનો રજીસ્ટર્ડ કરેલ અને આરોપીઓની અટક કરેલ અને તપાસના અંતે પુરતો પુરાવો મળી આવતા આરોપીઓ સામે ચાર્જશીટ કરેલ છે.

૨) સદર કામે આરોપીઓ વિરુધ્ધનું ચાર્જશીટ આવી જતાં અત્રેથી સમન્સ બજવણી બાદ આરોપીઓ હાજર થતાં, ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ ની જોગવાઈનું પાલન કરી, આરોપીઓને પોલીસ પેપર્સની નકલો આપી, તે મળી ગયાની ખાત્રી કર્યા બાદ, ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૧ અન્વયે આરોપીઓને ગુના અંગે સમજ કરી, આંક-૦૩ થી આરોપી વિરુદ્ધ તહોમતનામું ફરમાવી, આરોપીઓને ગુનાની કબુલાત અંગે પુછતા તેઓને ગુનો કબુલ નથી, કેસ આગળ ચલાવવાનો છે. તેમ જણાવતા આંક-૦૪ થી આરોપીઓની પ્લી રેકર્ડ કરી કેસ આગળની ઈન્સાફી કાર્યવાહી સારુ રાખવામાં આવેલ.

૩) આ કામે ફરીયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**મૌખિક પુરાવા**

૧. આંક-૦૫ થી સાહેદ રાબીયાબાનુ શહેજાદ ઉર્ફે મુર્ધી નીલગરની જુબાની.

**દસ્તાવેજી પુરાવા**

૧. આંક-૦૬ થી ફરિયાદ.

૨. આંક–૦૭ થી ફરિયાદીના મરણનો દાખલો.

૩. આંક–૦૮ થી ગુન્હાવાળી જગ્યાનું પંચનામું.

૪. આંક–૦૯ થી હથિયાર કબજે કર્યા અંગેનું પંચનામું.

૫. આંક–૧૦ થી સમાધાન પુરસીસ.

૬. આંક–૧૧ થી ક્લોઝીંગ પુરસીસ.

**૪)** ફરીયાદપક્ષ તરફે ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવાઓ રજુ થયેલ નથી. ફરીયાદપક્ષના પુરાવાને ધ્યાને લેતાં આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાતો ન હોઈ સદર કામે આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**૫)** ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, આ કામે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતાં, ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ હોઈ, આરોપીઓને તકસીરવાન ઠરાવી કાયદા મુજબ મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

**૬)** જયારે બચાવપક્ષ તરફે વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાઓ વંચાણે લેતાં આરોપીઓ વિરુધ્ધ ફરમાવેલ તહોમત મુજબનો ગુનો પુરવાર થતો ન હોઈ, જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**૭)** આ કેસના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## – ૦ મુદ્દાઓ ૦ –

**૧...** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ભેગામળી ફરિયાદીને તૌફિકભાઇના ધાબા પર ગઇ તા.૧૬/૦૧/૨૦૧૭ ના રોજ ગળદાપાટુનો માર મારી, જેમ ફાવે તેમ ગંદી ગાળો આપી, ફરિયાદી તથા તેઓની પત્નિને મારી નાખવાની ધમકી આપી, લાકડાના બેટથી મોઢાના ભાગે માર મારી ઈજાઓ પહોંચાડી, ઈ.પી.કો.કલમ–૩૨૫, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧) તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫(૧) મુજબ નો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**૨...** શું હુકમ ?

૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

**૧...** નકારાત્મક.

**૨...** આખરી હુકમ મુજબ.

૯) ઉપરોકત નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબના છે.

## **– ૦ કા ર ણો ૦–**

**મુદ્દા નં. ૧ :–**

સદર કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદીની ફરીયાદના અનુસંધાનમાં આરોપી વિરુધ્ધ તે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા દ્વારા રેકર્ડ પર રજુ કરી તે મુજબનો ગુનો શંકારહીત પુરવાર કરવો જોઈએ. આરોપી તરફે ઉલટતપાસ દ્વારા ફરીયાદપક્ષના પુરાવામાં સંભવિત શંકા ઉપસ્થિત થાય છે. તે મુજબ રેકર્ડ પર પ્રસ્થાપિત કરવું જોઈએ અને જો કોઈ પોતાનો વિશેષ બચાવ હોય તો તે મુજબનો તેમનો બચાવ રજુ કરવો જોઈએ. જો આવા કોઈ વિશેષ પુરાવામાં આરોપી પક્ષ નિષ્ફળ ગયેથી ફરીયાદપક્ષનો પુરાવો સફળ થાય છે તેવું માની શકાય નહીં, પરંતુ સૌપ્રથમ ફરીયાદપક્ષ તરફે આરોપીઓ વિરુધ્ધ શંકારહિતનો પુરાવો રજુ કરવો જોઈએ, તેવું કાયદાનું ધોરણ છે.

**૧૦)** ફરીયાદપક્ષ તરફે આરોપી સામેનો ગુનો પુરવાર કરવા માટે બનાવ સમયે આ કામના આરોપીએ ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુનો આચરેલ હોય તે હકીકત રેકર્ડ ઉપર પુરાવા દ્વારા પુરવાર થવી મહત્વની અને જરુરી છે.

**૧૧)** ફરીયાદપક્ષ તરફે આંક–૦૫ થી સાહેદ રાબીયાબાનુ શહેજાદ ઉર્ફે મુર્ઘી નીલગરને તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, આજથી આશરે છએક વર્ષ અગાઉ તેઓના પતિને આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થતા તેઓએ પો.સ્ટે. માં ફરિયાદ આપેલી, જે ફરિયાદ સદર કામે આંક–૦૬ થી રજુ છે, જેમાં તેઓના પતિની સહી ઓળખી બતાવે છે. વધુમાં તેઓના પતિ તા.૦૮/૦૧/૨૦૨૨ ના રોજ મરણ પામેલ છે, બનાવ બન્યા બાદ પોલીસે તેઓને જવાબ લીધેલ, આ સિવાય બનાવાની તેઓને કોઇ જાત માહિતી નથી તેમ જણાવે છે. સદર સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક હકીકતો જણાવતા ન હોય વિ.એ.પી.પીશ્રી દ્વારા તેઓને ફરીગયેલા સાહેદ જાહેર કરી ઉલટતપાસ કરેલ છે. તેમાં પણ કોઇ ફળદાયી હકીકત જણાયેલ નથી.

બાદમાં બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવમાં સામાન્ય બોલાચાલી થતા તેઓના પતિએ ફરિયાદ આપેલી, આરોપીઓએ તેઓને કે તેઓના પતિને માર મારેલ નથી કે ગાળો આપેલ નથી કે હથિયારથી ઈજાઓ પહોંચાડેલ, બનાવના દિવસે આરોપીઓ પાસે હથિયાર ન હતું અને તેઓના પતિને પડી જવાથી ઈજા થયેલી તેમ જણાવેલ છે.

**૧૨)** આમ, ફરિયાદપક્ષના રજુ રાખેલ પુરાવાઓને ઘ્યાને લેવામાં આવે તો, આ કામના આરોપીઓ પર ફરિયાદીને ગાળો બોલી, મારામારી કરી, હથિયારથી ઈજા પહોંચાડી ગુન્હો કરેલ હોવાનો આક્ષેપ છે. ફરિયાદપક્ષનો રેકર્ડ પરનો પુરાવો ઘ્યાને લેવામાં આવે તો, સદર કામે મુળ ફરિયાદી મરણ ગયેલ હોય તેઓના પત્નિને આંક–૦૫ થી સાહેદ તરીકે તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં ફરિયાદ હકીકતોને સમર્થનક કારક હકીકતો જણાવતા નથી. જેથી સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે તેમજ સદર સાહેદની ઉલટતપાસ વંચાણે લેતાં, આરોપીઓએ તેઓને માર મારેલ નથી કે ગાળો આપેલ નથી કે હથિયારથી ઈજાઓ પહોંચાડેલ નથી. તેવું કબુલ કરતા હોય ત્યારે આ કામના આરોપીઓની ગુન્હામાં સંડોવણી હોય કે આરોપીઓએ કહેવાતો ગુન્હો કરેલ હોય તેવી કોઈ હકીકતોને સમર્થનકારક હકીકતો રેકર્ડ પર આવેલ નથી. વધુમાં ફરિયાદપક્ષે ગુન્હાવાળી જગ્યાના કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસેલ નથી. જેથી ફરિયાદપક્ષ ગુન્હાવાળી જગ્યાએ કહેવાતો બનાવ બનેલ હોય તેવી હકીકતો પુરવાર કરી શકેલ નથી.

આમ, ઉપરોક્ત ચર્ચાને ઘ્યાને લેતાં ફરિયાદપક્ષના પુરાવાથી આ કામના આરોપીઓની ગુન્હામાં સંડોવણી હોય તથા આરોપીઓએ આ કામના ફરિયાદીને ગંદી ગાળો બોલી, માર મારી, હથિયાર વડે ઈજાઓ પહોંચાડી ગુન્હો કરેલ હોય, તેવું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે, જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારાત્મક આપવામાં આવેલ છે અને મુદ્દા નં.૨ અન્વયે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## – ૦ હુકમ ૦–

આ કામના આરોપી નં.**(૧)**ઈમરાન યાસીનભાઈ શેખ રહે. મ.નં.જી/૧, આશીયાના પાર્ક–૨, સુલતાના મસ્જીદ સામે, વટવા, અમદાવાદ, **(૨)**ઈમરાન અબ્દુલરહેમાન શેખ રહે. ગલી નં.૪, રામરહીમનો ટેકરો, ખ્રીસ્તી કબ્રસ્તાનની પાસે, બહેરામપુરા, અમદાવાદ નાઓને

ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.કલમ–૩૨૫, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧) તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ આ કામના આરોપીના જામીનખત અપીલ સમય સુધી ચાલુ રાખવા અને અપીલ સમય પુરો થયા બાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ લાકડાના બેટનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા–**૦૧,** માહે–**મે,** સને–**૨૦૨૩** ના રોજ અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તા.૦૧/૦૫/૨૦૨૩
અમદાવાદ

**(એમ.એ. મકરાણી)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૪, અમદાવાદ
GJ-01007